Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન **બી.કોમ, બી.બી.એ, બી.એસ.સી, બી.એસ.સી (કોમ્પ્યુટર સાયન્સ)** તથા **બી.સી.એ** ની કોલેજોના આચાર્યશ્રીઓ ને જણાવવાનું કે:

૧ .શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨ દરમ્યાન આપની કોલેજોમાં પ્રથમ વર્ષમાં **પ્રવેશ મેળવી ચૂકેલા વિદ્યાર્થીઓ પાસેથી તારીખ ૨૯/૧૦/૨૦૨૧ સુધીમાં સેમેસ્ટર ૧ ની પૂરેપૂરી ફી તથા ધોરણ ૧૨ ની અસલ માર્કશીટ જમા લેવી, જે વિદ્યાર્થીઓ ફી ન ભરે તથા ધોરણ ૧૨ ની માર્કશીટ જમા ન કરાવે તેવા વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરવો** (કોઈ વિદ્યાર્થીઓ ની માર્કશીટ બોર્ડ તરફથી ન મળેલી હોય અથવા કોઈ વિદ્યાર્થીઓ એ પોતાની માર્કશીટ અન્ય જગ્યાએ જમા કરાવેલી હોય અને તે પરત લેવામાં મુશ્કેલી પડતી હોય તેવા કિસ્સામાં આવા વિદ્યાર્થીઓ પાસેથી બાંહેધરીપત્રક લઈ પ્રવેશ કાયમ રાખવો)

૨ .મેરીટ યાદી પૈકીના તમામ વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યા બાદ ખાલી પડેલી બેઠકોપર બેચ-૨ ના વિદ્યાર્થીઓ ને પ્રવેશની ફાળવણી કરવી તથા આવા વિદ્યાર્થીઓ પાસે પ્રવેશ ફાળવતા સમયે જ પૂરેપૂરી ફી તથા ધોરણ ૧૨ ની માર્કશીટ જમા લેવી.

૩ .બેચ-૧ તથા બેચ-૨ ના વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવ્યા બાદ (મેરીટ એકઝહોસ્ટ થયા બાદ) બાકી રહેલી બેઠકો પર કોલેજ કક્ષાએ અરજી કરનાર પ્રવેશ વંચિત વિદ્યાર્થીઓને ટર્મ ગ્રાન્ટ કરી શકાય તેમ હોય તે તારીખ સુંધી પૂરેપૂરી ફી તથા ધોરણ ૧૨ ની માર્કશીટ જમા લઈ પ્રવેશ ફાળવવા તથા આવા વિદ્યાર્થીઓ નું ડાયરેક્ટ એન્ટ્રી પધ્ધતિથી એનરોલમેન્ટ કરવું.

૪ .ઓનલાઈન અરજી કરવામાં જે વિદ્યાર્થીઓએ માર્કસની એન્ટ્રી કરવામાં તથા બોર્ડની એન્ટ્રી કરવામાં ભૂલ કરેલી છે તેમજ જે વિદ્યાર્થીઓ મેરીટ ધરાવતા હોવા છતાં રાઉન્ડના સમયગાળા દરમિયાન અનિવાર્ય સંજોગોને કારણે જે તે કોલેજ પર પહોંચી ન શકવાને કારણે પ્રવેશ મેળવી શક્યા નથી તેવા જે વિદ્યાર્થીઓને યુનિવર્સિટી તરફથી પ્રવેશપત્ર ફાળવવામાં આવે તેવા વિદ્યાર્થીઓ ને પૂરેપૂરી ફી તથા ધોરણ ૧૨ ની માર્કશીટ જમા લઈ પ્રવેશ ફાળવવા તથા આવા વિદ્યાર્થીઓ નું ડાયરેક્ટ એન્ટ્રી પધ્ધતિથી એનરોલમેન્ટ કરવું.

૫ .જે વિદ્યાર્થીઓ આપની કોલેજમાંથી પ્રવેશ રદ કરાવી અન્ય જગ્યાએ પ્રવેશ મેળવવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓને તેઓ એ ભરેલી ફી પરત કરવામાં તેમજ ધોરણ ૧૨ ની અસલ માર્કશીટ પરત કરવામાં સહકાર આપવો.

૬ .યુ.જી.સી .ના ઓક્ટોબર ૨૦૧૮ ના ફી પરત કરવા અંગેના ના નોટીફીકેશન ને અનુસંધાને સિન્ડીકેટે તેની તારીખ ૫/3/૨૦૧૯ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૧ અન્વયે મંજુર કરી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોને પરિપત્ર કરવામાં આવેલ પરિપત્ર ક્રમાંક :એકે/.પરિપત્ર/૪૪૫૩/૧૯ તારીખ ૧૩/03/૨૦૧૯ અનુસાર **ફી પરત કરવાની ગણતરી કરવાના હેતુથી Formally Announced Last Date of Admission તરીકે ૩૧/૧૦/૨૦૨૧ ગણીને ફી પરત કરવાની કાર્યવાહી કરવી.**

૭ .શૈક્ષણિક કાર્ય ચાલુ થઈ ગયા બાદ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે વધારાના પિરિયડ ગોઠવવાની વ્યવસ્થા કરવી.

ઈ.ચા.કુલસચિવ

એકે./પ્રવેશ/૧૫૧૦૦/૨૦૨૧

તારીખ : ૨૫/૧૦/૨૦૨૧

પ્રતિ,

1. સંબંધિત કોલેજોના આચાર્યશ્રીઓ તરફ ઘટતી કાર્યવાહી અર્થે.

2. બેચ -1 દરમિયાન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ તરફ ઉપરોક્ત સૂચનાઓ અનુસાર તાત્કાલિક કોલેજોનો સંપર્ક કરી પ્રવેશ સંબંધિત જરૂરી કાર્યવાહી પૂર્ણ કરવા ની નોંધ લેવા સારું.

3. બેચ -2 માં ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરનાર તેમજ જે વિદ્યાર્થીઓએ હજી સુધી પ્રવેશ ફોર્મ ભરેલ નથી અને પ્રવેશ મેળવવા માંગે છે તેવા વિદ્યાર્થીઓ તરફ યુનિવર્સિટીએ ગોઠવેલ ઉપરોક્ત વ્યવસ્થાની નોંધ લઈ પ્રવેશ મેળવવા અંગેની કાર્યવાહી કરવા સારું.